SWACHH SURVEKSHAN 2021

# :: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા આયજીત ઓનલાઈન શોર્ટ ફિલ્મ અને નિબંધ સ્પર્ધાના પરિણામ બાબત.

સુરત મહાનગરપાલિકા "સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૨૧" માં ભાગ લઈ રહી હોય તે અંતર્ગત સુરતની જનતા પોતાની અંદર રહેલી કળાઓ ઘર બેઠા બહાર લાવી શકે તે માટે સુરત મહાનગરપાલિકાની ઓનલાઈન પોર્ટલ ઉપર વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવા જણાવેલ છે. જે અંતર્ગત તા.૨૩/૧૦/૨૦૨૦ થી ૦૫/૧૧/૨૦૨૦ સુધી શોર્ટ ફિલ્મ મેકીંગ કોમ્પીટીશન અને તા.૨૮/૧૦/૨૦૨૦ થી ૦૫/૧૧/૨૦૨૦ સુધી નિબંધ સ્પર્ધાનું mysurat.in પોર્ટલ ઉપર ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ બન્ને સ્પર્ધા મળી કુલ ૮૫ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધેલ જેમાંથી નીચે મુજબના સ્પર્ધકો વિજેતા નિવડયા છે.

| શોર્ટ ફિલ્મ મેકીંગ સ્પર્ધાના વિજેતા | |
|---|---|
| ક્રમ | નામ |
| **પ્રથમ** | પ્રદીપ જીકાદરા |
| **દ્વિતીય** | પરમાર ધાર્મિક |
| **તૃતીય** | સિદ્દેશ સનાંસે |

| નિબંધ સ્પર્ધા | | |
|---|---|---|
| ધોરણ / વિજેતા — ક્રમ | ધો. ૬ થી ૮ | ધો. ૯ થી ૧૨ |
| **પ્રથમ** | પટેલ આયુષી | ઘોઘારી બંસી |
| **દ્વિતીય** | કદમ પ્રથમ | શૈખ સલમા |
| **તૃતીય** | પટેલ દેવ | દુસાને રીયા |

ઉપરોકત વિજેતાઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવશે. આ સિવાય નીચે મુજબની વિવિધ સ્પર્ધા નું આયોજન સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવનાર છે. "

| ક્રમ | સ્પર્ધાનું નામ | તારીખ |
|---|---|---|
| 1 | સ્વચ્છ અવેરનેશ કવીઝ | 01/11/2020 TO 31/12/2020 |
| 2 | જિંગલ કોમ્પીટીશન | 10/11/2020 To 20/11/2020 |
| 3 | શેરી નાટક સ્પર્ધા | 10/11/2020 to 30/11/2020 |
| 4 | રંગોળી સ્પર્ધા | 12/11/2020 to 19/11/2020 |
| 5 | ભીત ચિત્ર સ્પર્ધા (Murals) | Reg Date 17/11/2020 TO 24/11/2020 |

વધુમાં જે તે સ્પર્ધાની માહિતી તથા તે અંગેના નિયમો ની માહિતી જે તે સ્પર્ધાની તારીખોના સમય દરમ્યાન જ mysurat.in વેબસાઈટ ઉપર જોઈ શકાસે જે ની ખાસ નોંધ લેવી.

ઉપરોકત તમામ સ્પર્ધાની માહિતી mysurat.in ઉપરથી મેળવી શકાશે. વધુમાં સુરત મહાનગરપાલિકા "સ્વચ્છ સર્વેક્ષણ–૨૦૨૧" માં ભાગ લઈ રહી હોય, તે માટે સુરતને નં.૧ બનાવવા ભારત સરકારની SWACHHATA-MoHUA એપ ડાઉનલોડ કરી સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઈવેન્ટ ક્રીએટ કરવામાં આવેલ છે તેમાં VOLUNTEER ઉપર કલીક કરવા અનુરોધ છે.

સમાચારયાદી નં.૯૭૧, તા.૧૧/૧૧/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.